# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BAOU Education for all

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

'જ્યોતિર્મય' પરિસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી, અમદાવાદ - 382 481

ઈ-મેલ: **gargi.research@baou.edu.in** & **gargi@baou.edu.in** | વેબસાઈટ: **www.baou.edu.in**

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# ‘ગાર્ગી’ મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર
# સંશોધન પ્રોજેક્ટ અને પુસ્તક પ્રકાશન માર્ગદર્શિકા

## પરિચય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ ઘર આંગણે શિક્ષણ આપતી ગુજરાત રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીએ છેલ્લા વર્ષથી મહત્વની સિદ્ધિઓ હાંસલ કરી છે, જેમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ (NAAC) દ્વારા યુનિવર્સિટી A++ ગ્રેડ પ્રાપ્ત કરનાર ગુજરાત રાજ્યની અને આપણા દેશની એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટી બની છે. જે સમગ્ર દેશ, ગુજરાત રાજ્ય અને આપણા સૌ માટે ગૌરવની વાત છે.

માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયના મહિલા કલ્યાણ પ્રત્યેના દ્રષ્ટિકોણ અને પ્રતિબદ્ધતાના પરિણામે 13મી જાન્યુઆરી 2021ના રોજ 'ગાર્ગી – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી હતી, જેનું ઉદ્ઘાટન માનનીય રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે તથા માનનીય સામાજિક કાર્યકર શ્રીમતી અંજલિ રૂપાણીજી દ્વારા અને પ્રો. ઉપાધ્યાયના નેતૃત્વમાં કરવામાં આવ્યું. આ કેન્દ્રમાં તમામ વર્ગોની – ગ્રામીણ, શહેરી, આદિવાસી, વિધવા, શારીરિક રીતે અશક્ત, ટ્રાન્સજેન્ડર અને સેક્સ વર્કર્સ જેવી વિવિધ સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતી મહિલાઓ તેમજ તમામ વયની છોકરીઓ જોડાઈ છે અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન શક્ય બન્યું છે. 'ગાર્ગી' કેન્દ્ર મુખ્યત્વે મહિલાઓના શિક્ષણ, રોજગાર, વિકાસ અને સશક્તિકરણ પર કેન્દ્રિત છે અને મહિલાઓના સર્વાંગી વિકાસ તથા લૈંગિક સમાનતા હાંસલ કરવા માટે ઉત્સાહભેર કાર્ય કરે છે. ગાર્ગી કેન્દ્રમાં કૌશલ્યવર્ધક તાલીમો, વ્યાવસાયિક અભ્યાસક્રમો, તાલીમ કાર્યક્રમો, પુસ્તક પ્રકાશન માટે સહાય, સંશોધન પ્રોજેક્ટ માટે અનુદાન અને વ્યાખ્યાનમાળાઓ સહિતની અનેક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અહીં મહિલાઓ માટે મહેંદી, નેઇલ આર્ટ, રસોઈ, બ્યુટી પાર્લર, સિવણકામ જેવી આત્મનિર્ભરતા તરફ દોરી જતી તાલીમો આપવામાં આવે છે.

‘ગાર્ગી’ કેન્દ્ર સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રી સન્માન અને સ્ત્રી સ્થિરતાના મૂલ્યો સાથે સમાજમાં સામાજિક-આર્થિક પરિવર્તન માટે કાર્યરત છે અને રાષ્ટ્રીય વિકાસમાં મહિલાઓને સક્રિય ભાગીદાર બનાવવાનો દ્રઢ નિશ્ચય ધરાવે છે.

## ❁ સામાન્ય સૂચનાઓ:-

1. મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર/ટ્રાન્સ મહિલા ઉમેદવારો જ યોજનાનો લાભ લઈ શકાશે.
2. માન્ય યુનિવર્સિટીમાંથી વિષયની કોઈપણ શાખામાં અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કરેલ હોવો જોઈએ.
3. તમામ અરજીઓ નિર્ધારિત ફોર્મેટમાં, જરૂરી દસ્તાવેજો સાથે સમયમર્યાદામાં સબમિટ કરવી ફરજિયાત રહેશે.
4. અન્ય સંસ્થા સાથે જોડાઈને સંશોધન પ્રોજેક્ટ કરી રહ્યા હોય અથવા સંશોધન વિષય પદવી જેમ કે, પીએચ.ડી.નો અભ્યાસ ચાલુ હોય તો, સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશન માટે અરજી કરી શકાશે નહીં. (સંશોધનકાર્ય પૂર્ણ થયેથી અથવા સંશોધન વિષયક અભ્યાસ પૂર્ણ થયેથી અરજી કરી શકશો.)
5. ફક્ત ઓનલાઈન દરખાસ્તો જ સ્વીકાર્ય છે; વ્યક્તિગત રૂપે કે હાર્ડકોપી સ્વરૂપે આપવામાં આવેલી દરખાસ્ત (જેમકે હસ્તપ્રત આપવામાં આવેલી, રજિસ્ટર્ડ પોસ્ટ A.D. અથવા સ્પીડ પોસ્ટ મારફતે મોકલેલી) માન્ય ગણવામાં આવશે નહિ.
6. સંશોધકો એક સમયે ફક્ત એક જ સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશન માટે અરજી કરી શકે છે, બંનેમાં એકસાથે એક જ સમયે અરજી કરી શકાશે નહીં.
7. જે સંશોધક અગાઉ સંશોધન પ્રોજેક્ટ અને પુસ્તક પ્રકાશન કરેલ હોય, તેમજ આ યોજનાનો લાભ લીધેલ હોય તો બીજી વાર અનુદાન માટે અરજી કરી શકશે નહીં. તથા સહ-સંશોધક કે સહ-લેખિકા પણ બીજીવાર અરજી કરી શકશે નહીં.
8. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશન માટે સ્વીકૃત અને અસ્વીકૃત થયેલ દરખાસ્તોની જાણ ઉમેદવારોને ઈ-મેઈલ દ્વારા જ કરવામાં આવશે. અરજદારે સમયસર મેઈલ દ્વારા પ્રત્યુત્તર આપવો ફરજીયાત છે.
9. અરજીકર્તા દ્વારા ખોટું અથવા અધૂરું ઈમેલ સરનામું, ખોટો મોબાઈલ નંબર આપવાના પરિણામે કોઈ પણ પ્રકારની ઇ-મેલ ખોવાઈ જવી કે સંદેશાવ્યવહાર ન થવો, તેની જવાબદારી 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર તથા યુનિવર્સિટીની નહીં રહે.
10. કોઈ પણ પ્રકારની પ્રત્યક્ષ કે પરોક્ષ લોબીંગ/દબાણ કરનાર અરજદારને ગેરલાયક ઠેરવવામાં આવશે તથા દરખાસ્ત તત્કાળ રદ કરવામાં આવશે.
11. નિર્ધારિત અંતિમ તારીખ પછી મળેલી કોઇપણ અરજી સ્વીકાર્ય નહિ હોય અને તેને પ્રક્રિયામાં સમાવેશ કરવામાં નહિ આવે.
12. વિષય પસંદગી થયા બાદ કોઈપણ સંશોધક સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશનનું શીર્ષક, નામ, અટક કે અન્ય માહિતી બદલી શકશે નહી.
13. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશન માટે વધુમાં વધુ 3 સહ-સંશોધક કે સહ-લેખિકા સમાવિષ્ટ કરી શકાશે. સંયુક્તતાના કિસ્સામાં સહ- સંશોધક બદલી શકાશે નહીં,
14. સહ-સંશોધક કે સહ-લેખિકાને અલગથી ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહીં.

15. સમયાંતરે અર્થાત 3 મહિના બાદ પ્રગતિ અહેવાલ સબમિટ કરવો ફરજિયાત છે.
16. સંશોધન પ્રોજેક્ટ અને પુસ્તક પ્રકાશન માટે મહત્તમ છ (6) મહિના માન્ય રહેશે.
17. ચોક્કસ કારણોસર સમીક્ષા પછી સમયગાળો 1 થી 3 મહિના સુધી વધારી શકાય છે, પણ તેના માટે લેખિત રજૂઆત તથા સંયોજકશ્રીની મંજૂરી અનિવાર્ય છે.
18. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશનના કવર પેજ અને બેક પેજ (Front Page & Back Page) આપેલ નિયત માળખામાં જ હોવું અનિવાર્ય છે.
19. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશનનું કાર્ય પૂર્ણ થયા બાદ પ્લેગિયરિઝમ રિપોર્ટ ચેક કરાવવા માટે PDF અને Word સ્વરૂપમાં પ્રોજેક્ટ્સ કાર્ય જમા કરાવવાનું રહેશે.
20. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તકના શરૂઆતમાં પ્લેગિયરિઝમ રિપોર્ટ તથા મુખ્ય સંશોધક/મુખ્ય લેખિકા, સહ-સંશોધક/સહ-લેખિકા તમામનું આવેદન પત્રક અને બાહેંધરી પત્રક બિડાણ કરવું અનિવાર્ય છે.
21. પ્રકાશન સુધીની પ્રક્રિયા દરમિયાન તજજ્ઞશ્રીના સુચન, પરામર્શકશ્રીના સુચન, પ્લેગિયરિઝમ રિપોર્ટ તેમજ અન્ય કોઈપણ કારણોસર જો સમિતિ દ્વારા આપની દરખાસ્ત રદ કરવા લાયક ગણાશે. તો અગાઉ આપને આપેલ ગ્રાન્ટની રકમ સમયમર્યાદામાં પરત કરવાની રહેશે.
22. વિલંબ કે નિયમ ઉલ્લંઘનના કિસ્સામાં સમગ્ર ભંડોળ પરત લેવામાં આવશે.
23. અનુદાનનો ઉપયોગ વર્તમાન યોજનામાં જ થવો જોઈએ; અન્ય પ્રોજેક્ટ માટે નહીં.
24. નિયમોની વિરુદ્ધમાં કામ કરનાર સંશોધકને ભવિષ્યમાં કોઈ પણ યોજના માટે અયોગ્ય ઠેરવવામાં આવશે.
25. સંસ્થાના અધિકારક્ષેત્રમાં આવતી કોઈ પણ માહિતી, ડેટા કે સબમિશનનો કૉપિરાઇટ અનુદાન આપનાર સંસ્થાનો રહેશે.
26. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશન સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ અન્યત્ર કોઈપણ જગ્યાએ લેખ કે અન્ય સ્વરૂપે પ્રકાશિત કરી શકાશે નહીં.
27. સંશોધન પ્રોજેક્ટ અથવા પુસ્તક પ્રકાશન અન્વયે કોઈપણ બાબત વિશે સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયને માન્ય ગણવામાં આવશે. અરજદારનો કોઈપણ હક કે દાવો રહેશે નહિ.

* * * * *

## ❀ સંશોધન પ્રોજેક્ટની માર્ગદર્શિકા :-

1. **સંશોધન દરખાસ્ત માટેના નિયમો અને સૂચનાઓ :-**
   - **હેતુ: આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને સંશોધન કરવામાં આર્થિક સહાય પૂરી પાડવાનો છે.**
   - **પાત્રતા:- ફક્ત મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર/ટ્રાન્સ મહિલા ઉમેદવારોને જ આ યોજના હેઠળ સંશોધન પ્રસ્તાવ સબમિટ કરવાની મંજૂરી છે.**
   - **સંયુક્ત સંશોધન:- મુખ્ય સંશોધક અને સહ- સંશોધક બંને મહિલાઓ હોવા ફરજિયાત છે.**
   - **મૌલિકતા: તમારું સંશોધન કાર્ય સંપૂર્ણપણે મૌલિક હોવું જોઈએ. કોઈપણ સ્થાનેથી કોપી-પેસ્ટ કરેલું કે બીજાના કાર્યનું પુનરાવર્તન કરેલું ન હોવું જોઈએ.**
   - **વિષયની પસંદગી: સંશોધન માટેનો વિષય સ્પષ્ટ, સુસંગત અને રસપ્રદ હોવો જોઈએ. તે તમારા જ્ઞાન અને સંશોધન ક્ષમતાને અનુરૂપ હોવો જોઈએ.**
   - **લાયકાત: માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષય સાથે અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કરેલ હોવો ફરજિયાત છે.**
   - **સંશોધનનો સમયગાળો: મંજૂરીની તારીખથી છ (6) મહિનામાં સંશોધન પૂર્ણ થવું જોઈએ.**
   - **આર્થિક સહાય:- ચકાસણી અને પસંદગી સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા તમામ સંશોધન દરખાસ્તોને રૂ. 25,000/- (પચીસ હજાર)નું ભંડોળ આપવામાં આવશે, જે દરખાસ્ત મંજૂર થયા પછી રૂ.5,000/- અને પ્રોજેક્ટનું કાર્ય પૂર્ણ કર્યા પછી પાંચ કૉપી (હાર્ડબાઉન્ડ) યુનિવર્સિટી ખાતે જમા કરાવી, તેનું મૂલ્યાંકન થશે, હકારાત્મક અહેવાલ તૈયાર થયા પછી રૂ. 20,000/- આમ, બે તબક્કામાં ચૂકવવામાં આવશે.**

2. **સંશોધનના મુખ્ય વિષયો :-**

**પ્રસ્તાવિત સંશોધન "મહિલાઓ" સંબંધિત કોઈ એક મુખ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલું હોવું જોઈએ. અહીં કેટલાક પ્રેરણાદાયક વિષયઓની સૂચિ આપવામાં આવી છે:**

- **ઉચ્ચ શિક્ષણ**
- **મુક્ત અને દૂરસ્થ શિક્ષણ (ODL)**
- **સાહિત્ય, કળા અને સંસ્કૃતિ**
- **આરોગ્ય અને કલ્યાણ**
- **લૈંગિક અભ્યાસ (Gender Studies)**
- **ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs)**
- **વૈશ્વિકીકરણ**
- **ઉદ્યોગસાહસિકતા**
- **રોજગાર (સંવિધાનિત/અસંવિધાનિત ક્ષેત્રો)**
- **સરકારી નીતિઓ**
- **લોકશાહી અને શાસન**
- **રક્ષણ ક્ષેત્ર**
- **અન્ય સંબંધિત વિષયો**

## 3. સંશોધન પ્રસ્તાવમાં સમાવવાના તત્વો :-

1. **સંશોધન વિષયનું શીર્ષક**
2. **પૃષ્ઠભૂમિ અને સંદર્ભ**
3. **અભ્યાસના ઉદ્દેશ્યો**
4. **સાહિત્ય સમીક્ષા**
5. **પદ્ધતિશાસ્ત્ર (**Methodology)
6. **અપેક્ષિત પરિણામો**
7. **સમયગાળો**
8. **ઉપલબ્ધ અને જરૂરી સંસાધનો**
9. **પસંદ કરેલી ગ્રંથસૂચિ (**MLA 8th / APA 7th Edition)

## 4. ભાષા અને સંદર્ભ શૈલી:-

- **ભાષાઓ** : **અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃતમાં સ્વીકાર્ય.**
- **સંદર્ભ શૈલી** : MLA 8th Edition **અથવા** APA 7th Edition**નો ઉપયોગ ફરજિયાત.**

## 5. ફોર્મેટિંગ માર્ગદર્શિકા:-

| ક્રમાંક | માપદંડ | વિગતો |
|---|---|---|
| I. | **પૃષ્ઠ ઓરિએન્ટેશન** | **પોટ્રેટ** |
| II. | **પૃષ્ઠ કદ** | A4 / **લેટર** |
| III. | **માર્જિન** | **તમામ બાજુએ** 1 **ઇંચ** |
| IV. | **અંગ્રેજી માટે ફોન્ટ** | Times New Roman |
| V. | **ગુજરાતી માટે ફોન્ટ** | Shruti |
| VI. | **હિન્દી માટે ફોન્ટ** | Mangal |
| VII. | **સંસ્કૃત માટે ફોન્ટ** | Sanskrit 2003 |
| VIII. | **શીર્ષકો** | Bold, 14 pt, Title Case |
| IX. | **ઉપ-શીર્ષકો** | Bold, 12 pt |
| X. | **મુખ્ય લખાણ (**Body Text) | 12 pt, Justified |

## 6. પ્રક્રિયા અને શરતો:-

- **તમામ પ્રસ્તાવો સ્ક્રુટિની અને પસંદગી સમિતિ દ્વારા નિરીક્ષણ હેઠળ લેવામાં આવશે તથા સ્ક્રુટિની અને પસંદગી સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.**

- **સંશોધન પ્રસ્તાવ માટે લઘુત્તમ શબ્દ મર્યાદા 1000 શબ્દો અને મહત્તમ 1500 શબ્દો છે.**
- **દરેક સંશોધન પ્રસ્તાવ તેમજ અંતિમ સંશોધન અહેવાલ યુનિવર્સિટી દ્વારા એન્ટી-પ્લેગિયરિઝમ સોફ્ટવેર પર ફરજિયાતપણે પ્લેગિયરિઝમ તપાસમાંથી પસાર થશે. 10 (દસ) ટકાથી વધુ પ્લેગિયરિઝમ ધરાવતો કોઈપણ પ્રસ્તાવ અથવા અંતિમ અહેવાલ ગેરલાયક ઠેરવવામાં આવશે અથવા નકારવામાં આવશે.**
- **યુનિવર્સિટીમાં સબમિટ કરાયેલા સંશોધન પ્રસ્તાવો અન્ય ક્યાંય પણ સબમિટ કે પ્રકાશિત થયેલા ન હોવા જોઈએ. અન્ય પ્રકાશનો અથવા જર્નલ્સમાં એકસાથે સબમિશનને ગંભીર ઉલ્લંઘન ગણવામાં આવશે અને તેના પરિણામે ગેરલાયક/અસ્વીકૃત થશે.**
- **સંશોધન પ્રસ્તાવ તેમજ અંતિમ અહેવાલ સબમિટ કરતા પહેલા કોપીરાઇટ અને અન્ય ક્લિયરન્સ (જો કોઈ હોય તો) મેળવવા માટે લેખકો સંપૂર્ણપણે જવાબદાર છે.**
- **સંશોધન પૂર્ણ થયા બાદ પાંચ કૉપી (હાર્ડબાઉન્ડ) યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.**
- **સંશોધન પ્રોજેક્ટ જમા કરાવ્યા બાદ બીજી વાર સંશોધન પ્રોજેક્ટ માટે અરજી કરી શકાશે નહી.**

## **7.** બાંહેધરી પત્રકનું માળખું :-

પ્રતિ,

સંયોજકશ્રી,

‘ગાર્ગી’ – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

‘જ્યોતિર્મય’ પરિસર, એસ.જી. હાઈવે,

છારોડી, અમદાવાદ. – 382481

**વિષય : રિસર્ચ પ્રોજેક્ટ ફેલોશીપ – 20__**

આથી હું ____________________________________________________________જણાવું છું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ‘ગાર્ગી’ મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, દ્વારા ‘ગાર્ગી રિસર્ચ પ્રોજેક્ટ ફેલોશીપ’ 20____ અંતર્ગત મારા દ્વારા ____________________________________________________________વિષય પર તૈયાર થયેલ સંશોધન પ્રોજેક્ટમાં દર્શાવેલ સંશોધન – વિચારો મારા મૌલિક વિચારો છે, તેમજ આ સંશોધન પ્રોજેક્ટ મારા દ્વારા જ તૈયાર કરવામાં આવ્યો છે. જેની પાંચ કૉપી (હાર્ડબાઉન્ડ) યુનિવર્સિટી ખાતે જમા કરાવું છું, આ સંશોધન પ્રોજેક્ટના કોપીરાઈટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પાસે રહેશે, જેની હું બાંહેધરી આપું છું.

**સ્થળ :**

**તારીખ :**

________________________

**સહી**

* * * * *

## ❀ પુસ્તક પ્રકાશનની માર્ગદર્શિકા :-

### 1. પુસ્તક લેખન-પ્રકાશન દરખાસ્ત માટેના નિયમો અને સૂચનાઓ :-

- **હેતુ:** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ મહિલા લેખિકાઓને તેમના પુસ્તકો પ્રકાશિત કરવામાં આર્થિક સહાય પૂરી પાડવાનો છે.
- **પાત્રતા:-** ફક્ત મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર/ટ્રાન્સ મહિલા ઉમેદવારોને જ આ યોજના હેઠળ સંશોધન પ્રસ્તાવ સબમિટ કરવાની મંજૂરી છે.
- **સંયુક્ત સંશોધન:-** મુખ્ય સંશોધક અને સહ- સંશોધક બંને મહિલાઓ હોવા ફરજિયાત છે.
- **મૌલિકતા:** તમારું પુસ્તક-લેખન સંપૂર્ણપણે મૌલિક હોવું જોઈએ. કોઈપણ સ્થાનેથી કોપી-પેસ્ટ કરેલું કે બીજાના કાર્યનું પુનરાવર્તન કરેલું ન હોવું જોઈએ.
- **વિષયની પસંદગી:** પુસ્તક-લેખન માટેનો વિષય સ્પષ્ટ, સુસંગત અને રસપ્રદ હોવો જોઈએ. તે તમારા જ્ઞાન અને સંશોધન ક્ષમતાને અનુરૂપ હોવો જોઈએ.
- **લાયકાત:** માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષય સાથે અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કરેલ હોવો ફરજિયાત છે.
- **સંશોધનનો સમયગાળો:** મંજૂરીની તારીખથી છ (6) મહિનામાં સંશોધન પૂર્ણ થવું જોઈએ.
- **આર્થિક સહાય:-** ચકાસણી અને પસંદગી સમિતિ દ્વારા મંજૂર કરાયેલ તમામ પુસ્તક લેખન-પ્રકાશનને રૂ. 5,000/- (પાંચ હજાર રૂપિયા) નું ભંડોળ મળશે.

### 2. મહિલાલક્ષી પુસ્તકો માટે પ્રેરક વિષયોની સૂચિ:-

ગ્રાન્ટ માટે પસંદગી પામવા પાત્ર એવા પુસ્તક લેખનના વિષયો એવાં હોવા જોઈએ કે જે મહિલાઓના જીવન, અનુભવો, પડકારો, યોગદાન અને સંભાવનાઓને કેન્દ્રમાં લેતા હોય. પ્રસ્તાવિત વિષય સ્પષ્ટ રીતે સ્ત્રીલક્ષી હેતુઓ અને મુદ્દાઓ સાથે સંકળાયેલો હોવો જોઈએ. નીચે કેટલાક અનુરૂપ વિષયવિશેષ ક્ષેત્રોની સૂચિ સૂચનાત્મક રીતે આપવામાં આવી છે:

- મહિલા અને ઉચ્ચ શિક્ષણ
- મુક્ત અને દૂરસ્થ શિક્ષણમાં સ્ત્રીઓ
- સ્ત્રીસર્જિત સાહિત્ય અને કલા
- મહિલા આરોગ્ય અને કલ્યાણ
- લૈંગિક અભ્યાસ અને સમાનતા
- ટકાઉ વિકાસ અને સ્ત્રીઓ (SDGs)
- વૈશ્વિકીકરણનો સ્ત્રીઓ પર અસર
- મહિલા ઉદ્યોગસાહસિકતા અને સ્વરોજગાર
- સ્ત્રીઓ સંગઠિત અને અસંગઠિત રોજગાર ક્ષેત્રોમાં
- મહિલા કેન્દ્રિત સરકારી નીતિઓ અને યોજનાઓ
- સ્ત્રી નેતૃત્વ, રાજકારણ અને લોકશાહી
- મહિલા અને રક્ષણ ક્ષેત્ર/સેનામાં હાજરી
- ટ્રાન્સજેન્ડર અને નોન-બાયનરી સ્ત્રીઅનુભવો
- મહિલાઓના જીવન પર આધારિત લોકકથા અને લોકસંસ્કૃતિ
- સ્ત્રી જીવનનાં દસ્તાવેજીકરણ અને મૌખિક ઇતિહાસ
- સામાજિક ન્યાય અને સ્ત્રીઓનું હિતરક્ષણ

- **ગામડાંની સ્ત્રીઓ અને વિકાસ મુદ્દાઓ**
- **ભારતીય કુટુંબ અને સ્ત્રીઓ**
- **શહેરી ગરીબ મહિલાઓના જીવન ચિંતન**
- **ધર્મ, પરંપરા અને સ્ત્રી મુક્તિ**
- **વિધવા, એકલ સ્ત્રીઓ અને તેમની ચુનૌતીઓ**
- **અન્ય સંબંધિત વિષયો**
- **મહિલાઓ અને મિડિયા પ્રતિનિધિત્વ**

**3.** ભાષા અને સંદર્ભ શૈલી:-

- **ભાષાઓ : અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃતમાં સ્વીકાર્ય.**
- **અનુક્રમણિકા: પુસ્તકમાં કેટલા પાના છે તેની વિગતો પ્રથમ પાના પર અનુક્રમણિકા સાથે નોંધવી ફરજિયાત છે.**
- **સંદર્ભ શૈલી** : MLA 8th Edition **અથવા** APA 7th Edition**નો ઉપયોગ ફરજિયાત.**

**4.** પ્રક્રિયા અને શરતો:-

- પુસ્તકનો પ્રસ્તાવ 2500 શબ્દોમાં લખીને મોકલવાનો રહેશે.
- પુસ્તક મહિલાલક્ષી હોવું જોઈએ અને મહિલા લેખકે જ લખવાનું રહેશે.
- **તમામ પ્રસ્તાવો સ્ક્રુટિની અને પસંદગી સમિતિ દ્વારા નિરીક્ષણ હેઠળ લેવામાં આવશે તથા સ્ક્રુટિની અને પસંદગી સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.**
- પુસ્તકના ઓછામાં ઓછા ટાઈપ થયેલા 80 પેજ હોવા જરૂરી છે.
- **લેખિકાનો ટૂંકો જીવન પરિચય આપતી નોંધ જોડવી ફરજિયાત છે.**
- **મહિલાલક્ષી પુસ્તક યુનિવર્સિટી દ્વારા એન્ટી-પ્લેગિયરિઝમ સોફ્ટવેર પર ફરજિયાતપણે પ્લેગિયરિઝમ તપાસમાંથી પસાર થશે. 10 (દસ) ટકાથી વધુ પ્લેગિયરિઝમ ધરાવતો કોઈપણ પ્રસ્તાવ અથવા અંતિમ પુસ્તક ગેરલાયક ઠેરવવામાં આવશે અથવા નકારવામાં આવશે.**
- **પુસ્તકમાં પ્રકાશિત માહિતી, તથ્યો અને વિચારોની સંપૂર્ણ જવાબદારી લેખિકાની પોતાની રહેશે.**
- **યુનિવર્સિટીમાં સબમિટ કરાયેલા પુસ્તક પ્રકાશન પ્રસ્તાવો અન્ય ક્યાંય પણ સબમિટ કે પ્રકાશિત થયેલા ન હોવા જોઈએ. અન્ય પ્રકાશનો અથવા જર્નલ્સમાં એકસાથે સબમિશનને ગંભીર ઉલ્લંઘન ગણવામાં આવશે અને તેના પરિણામે ગેરલાયક/અસ્વીકૃત થશે.**
- **પુસ્તક પ્રસ્તાવ તેમજ અંતિમ પુસ્તક-લેખન સબમિટ કરતા પહેલા કોપીરાઇટ અને અન્ય ક્લિયરન્સ (જો કોઈ હોય તો) મેળવવા માટે લેખકો સંપૂર્ણપણે જવાબદાર છે.**
- **પુસ્તક લેખન-પ્રકાશન પૂર્ણ થયા બાદ** બે કૉપી (હાર્ડબાઉન્ડ) **યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.**
- **પુસ્તક લેખન જમા કરાવ્યા બાદ બીજી વાર પુસ્તક લેખન-પ્રકાશન માટે અરજી કરી શકાશે નહી.**

**5.** સહાયની મંજૂરી માટેની શરતો:

- **ઋણ સ્વીકાર**: ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નાણાકીય પુરસ્કારથી પ્રકાશિત થયેલ પુસ્તકના મુખ પૃષ્ઠની પાછળ **સ્પષ્ટ રીતે ઋણ સ્વીકારની વિગતો** દર્શાવવી ફરજિયાત છે.
- **જાહેરાત/વેપાર મુક્ત**: પ્રકાશિત થનાર પુસ્તકમાં કોઈપણ પ્રકારની **જાહેરાત કે વેપાર સંબંધિત સંદેશો** હોવો જોઈએ નહીં.
- **સંપાદન પર પ્રતિબંધ**: આ યોજના અંતર્ગત પુસ્તક પુરસ્કાર મંજૂર કરવામાં આવ્યો હોય તેવી હસ્તપ્રતમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની **પૂર્વમંજૂરી વિના કોઈ સુધારો કરી શકાશે નહીં.**
- **વધારાની શરતો**: 'ગાર્ગી' સમિતિ અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જો જરૂરી જણાય, તો સહાય મંજૂર કરતા હુકમ હેઠળ ઉપરોક્ત શરતો ઉપરાંત **પૂરક શરતો**નું પાલન કરવાનું ફરજિયાત બનાવી શકશે.
- **જોડણી**: પુસ્તકમાં જોડણી **સરકાર માન્ય જોડણીકોશ** પ્રમાણે રાખવાની રહેશે.
- **પ્રકાશન સમયમર્યાદા**: જે પુસ્તકના પ્રકાશન માટે આર્થિક પુરસ્કાર મંજૂર કરવામાં આવે, તે હુકમ થયા બાદ **છ (06) મહિનામાં પ્રકાશિત કરવાનું રહેશે.** આ સમયગાળા દરમિયાન પુસ્તક પ્રકાશિત નહિ થાય તો આર્થિક પુરસ્કાર **આપોઆપ રદ થયેલો** ગણાશે.
- **ગુણવત્તા**: **ઉચ્ચ ગુણવત્તા** ધરાવતું પુસ્તક જ પસંદગીપાત્ર ગણવામાં આવશે. આ અંગેનો ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો નિર્ણય **આખરી** રહેશે.

**6.** આવેદન પત્ર:-

- ☆ **લેખિકાનું પૂરું નામ અને સરનામું:**
- ☆ **પુસ્તકનો પ્રકાર: (જેમ કે શૈક્ષણિક, સાહિત્યિક, સંશોધન આધારિત વગેરે)**
- ☆ **પુસ્તકનું શીર્ષક: (અહીં પુસ્તકનું નામ લખવું)**
- ☆ **અંદાજિત પૃષ્ઠ સંખ્યા: (અંદાજે કેટલા પૃષ્ઠો હશે તે લખવું)**
- ☆ **પ્રકાશન કાર્ય પૂરૂ કરવા માટેનો અંદાજિત સમય: છ મહિના**
- ☆ **શું આ માટે અન્ય કોઈ સંસ્થામાંથી સહાય મળતી હોય તો તેનું ઉલ્લેખ કરો:** (હા/ના) **(જો હોય તો સંસ્થાનું નામ અને રકમ)**

આથી હું જણાવું છું કે ઉપર દર્શાવેલ દરેક માહિતી સાચી છે. મારા દ્વારા લખાયેલ પુસ્તકનું લખાણ મૌલિક છે તેમજ મારા દ્વારા જ લખવામાં આવ્યું છે. ઉપર દર્શાવેલ માહિતી પૈકીની કોઈપણ બાબત ખોટી નીકળશે તો મંજૂર કરવામાં આવેલ સંપૂર્ણ રકમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને પરત કરવાની હું બાંહેધરી આપું છું.

**સ્થળ :**

**તારીખ :** **સહી**

**7.** બાંહેધરી પત્રકનું માળખું :-

પ્રતિ,

સંયોજકશ્રી,

'ગાર્ગી' – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

'જ્યોતિર્મય' પરિસર, એસ.જી. હાઈવે,

છારોડી, અમદાવાદ. – 382481

**વિષય : મહિલાલક્ષી પુસ્તક લેખન – પ્રકાશન માટે પુરસ્કાર યોજના – 20__**

ઉપર્યુક્ત વિષય અન્વયે પુરસ્કાર યોજના અંગેની વિચારણા અર્થે હું ____________________ મારા પુસ્તક ______________________________ ની હસ્તપ્રત (બે નકલમાં) જરૂરી વિગતો અને આવેદનપત્ર સાથે રજૂ કરું છું. મહિલા પુસ્તક લેખન-પ્રકાશન અંગેના તમામ નિયમો મેં ધ્યાનપૂર્વક વાંચી લીધા છે અને તે મને બંધનકર્તા રહેશે તે હું સ્વીકારું છું. મારા પુસ્તકના પ્રકાશન અર્થે જો ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પુરસ્કાર મંજૂર કરવામાં આવશે, તો હું પુરસ્કાર માટેની તમામ શરતોનું પાલન કરીશ તેવી આથી બાંહેધરી આપું છું.

**સ્થળ :**

**તારીખ :**

____________________

**સહી**

**8.** સંપર્ક વિગતો:-

**કોઈપણ પ્રશ્નો માટે સંપર્ક કરો: ઈ-મેલ:** gargi.research@baou.edu.in & gargi@baou.edu.in

* * * * *